રાજભવન, ગાંધીનગર.
તા. ૦૯/૧૦/૨૦૧૫

**ભારતીય વાયુસેના વિશ્વની શ્રેષ્ઠતમ વાયુસેનાઓમાંની એક છે**
**—રાજયપાલશ્રી**

**ગાંધીનગર નજીક આવેલ "સ્વેક" ખાતે યોજાયેલ ભારતીય વાયુસેનાની ૮૩મી વર્ષગાંઠની ઉજવણી સમારોહ**

---

ભારતીય વાયુસેનાની ૮૩મી વર્ષગાંઠ નિમિત્તે ગાંધીનગર નજીક આવેલ "સ્વેક" ખાતે ગઈકાલે સાંજે યોજાયેલ ઉજવણી સમારોહમાં ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલી ઉપસ્થિત રહયા હતા.

આ પ્રસંગે સંબોધન કરતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે ભારતીય વાયુસેનાની આઠ દશક ઉપરાંતની સેવાયાત્રા ગૌરવશાળી રહી છે અને આજે વિશ્વની શ્રેષ્ઠતમ વાયુસેનાઓમાં તેનું સ્થાન અંકિત થયું છે. તેનો શ્રેય ભારતીય વાયુસેનાના અધિકારીઓ અને જવાનોને જાય છે. તેમણે જણાવ્યું હતું કે આપણી વાયુસેનાએ ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધોમાં પેશેવટ દક્ષતાઓ અનન્ય પરિચય આપ્યો છે. આ ઉપરાંત વાયુસેનાએ પ્રાકૃતિક કે અન્ય સંકટના સમયમાં બચાવ અને રાહત કાર્યોમાં તેની અગ્રીમ ભૂમિકા નિભાવી છે. નેપાળમાં ભૂકંપના અસરગ્રસ્તો હોય કે યમનમાં ફસાયેલા લોકો હોય તેમની મદદે પહોંચવાનું પ્રશંસનીય ફરજ વાયુસેનાએ બજાવી છે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં અમરેલી, બનાસકાંઠામાં ભારે વરસાદથી અસર પામેલા લોકોના બચાવ અને રાહત કાર્યોમાં "સ્વેક"ના વાયુ યુદ્ધોએ સહાયતા પ્રદાન કરી હતી.

૧૯૬૫ના યુદ્ધમાં અને ૧૯૭૧ના લોંગેવાલાની લડાઈમાં "સ્વેક"ના પુનિતોની સરાહનીય ભૂમિકા રહી છે, તેનો આપણને અત્યન્ત ગૌરવ છે, એમ તેમણે જણાવ્યું હતું.

પ્રારંભમાં રાજયપાલશ્રીનું એર માર્શલ આર. કે. ધીર જેઓ "સ્વેક"ના એર–ઓફિસ–ઈન–કમાન્ડ છે, તેમણે સ્વાગત કર્યું હતું.

એર માર્શલ એસ. હરપાલ સિંઘ, એરફોર્સ વાઈવ્સ વેલફેર એસોસિએશનની અઘ્યક્ષા શ્રીમતી નીલમ ધીર, "સ્વેક"ના અધિકારીઓ–કર્મીઓ, તેમના પરિવારજનો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

વાયુ અંગે સાંસ્કૃતિ કાર્યક્રમ પણ આયોજન કરવામાં આવ્યું હતું.

———————————

પ્રેસ સચિવ